# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

## GUJARAT STATE

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No. :** ACPC/ADM-15/1453 **Date:** 24-08-2015

પ્રતિ,
આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,
[illegible] ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની તમામ સંસ્થાઓ.

**વિષય : ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/19/2013/PVS/102013/280/S તા. ૧૪-૫-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારા.**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજ્યમાં આવેલી ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થાઓમાં મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી રહેલી જગ્યાઓ સંદર્ભિત જાહેરનામાનાં નિયમ-૧૯ 'ખાલી બેઠકો' મુજબ ભરવાની થાય છે.

પ્રવેશ વર્ષ ૨૦૧૫ નાં ઓનલાઈન એડમિશનની પ્રક્રિયા તા. ૨૨-૦૮-૨૦૧૫ નાં રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે, આવી બેઠકો સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓએ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

**<u>ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :</u>**

(૧) પ્રવેશ વર્ષ ૨૦૧૫ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય

(૨) બોર્ડ દ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ એક પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તથા

(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ એક પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય (ગુજરાત રાજ્યનું Domicile ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે.)

(૪) ઉપરોક્ત (૧), (૨) અને (૩) ના ઉમેદવારોને પ્રવેશ આપ્યા બાદ જો બેઠકો ખાલી રહે તો ડિપ્લોમા ફાર્મસી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો,

(૫) ઉપરોક્ત (૧) થી (૪) ના ઉમેદવારોને પ્રવેશ આપ્યા બાદ જો બેઠકો ખાલી રહે તો માન્ય બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ પણ પ્રાવેશીક પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

જે માટે સ્વિકારાયેલી અરજીઓને ઉપર જણાવેલ પ્રાથમિકતા મુજબ, પ્રાથમિકતાના interse merit-list માં ગોઠવી, મેરીટ યાદી બનાવી અને પ્રવેશની કાર્યવાહી સંસ્થા દ્વારા કરવામાં આવશે. ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કોઈપણ સંસ્થા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશ ફોર્મ આપવાની ના પાડી શકશે નહીં. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૩-૦૮-૨૦૧૫ | ખાલી બેઠકોની યાદીની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૨. | ૨૫-૦૮-૨૦૧૫ થી ૨૭-૦૮-૨૦૧૫ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૩. | ૨૮-૦૮-૨૦૧૫ થી ૩૦-૦૮-૨૦૧૫ | જે-તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ તથા પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. |
| ૪. | ૩૧-૦૮-૨૦૧૫ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ કરાવવા મોકલવાની રહેશે. |

મેમ્બર સેક્રેટરી